ઓબીસી ૧૬ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સામાજિક
અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાને સહાય
આપવા બાબત
નવી બાબત રૂ.૪૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૨૦/૪૩૩૨૦૧/ન.બા-૧૨/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩/૦૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૬/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/જન /ન.બા./મામેરૂ/૨૦૨૦-૨૧/૨૦૨૨.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/જ.ન. /ન.બા./કું.મા./૨૧-૨૨/૯૭૦.

આમુખ :-

રાજ્યમાં ઓબીસી-૧૬ સામાજિક ઉત્થાન માટે નાણાંકીય સહાય (મામેરૂ, સમૂહલગ્ન શિક્ષણ શીબીરો એવોર્ડ વગેરે) માટે કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં છે. હાલમાં ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કુંટુંબની કન્યાઓને લગ્ન પ્રસંગે રૂ.૧૦,૦૦૦(અંકે રૂપિયા દસ હજાર પૂરા)ની સહાય આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક (૧) ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓને આપવામાં આવતી સહાયની રકમમાં વધારો કરવા નાણાંકીય વર્ષઃ૨૦૨૧-૨૨માં નવી બાબત રજૂ કરેલ હતી. વિભાગ દ્વારા રજુ થયેલ રૂ.૧૨૫૦.૦૦ લાખની નવી બાબત સામે અંદાજપત્રમાં રૂ.૪૦૦.૦૦ લાખની મંજુરી આપવામાં આવી હોઈ, વંચાણે લીધેલા ક્રમાંક(૨) પરના પત્રથી નાણાંકીય વર્ષઃ૨૦૨૧-૨૨ની રૂ.૪૦૦.૦૦ લાખની (અંકે રૂપિયા ચાર સો લાખ પુરા) સદરહુ નવી બાબતને

વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓને આપવામાં આવતી સહાયની રકમમાં વર્ષ ૨૦૨૧-૨૨થી રૂ..૨૦૦૦/- નો વધારો કરીને હવેથી કન્યાદીઠ રૂ.૧૨,૦૦૦/- ની સહાય કુલ ૨૦,૦૦૦ લાભાર્થી કન્યાઓને આપવા માટે વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ.૪૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૨. આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઇન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ માટે, ગૌણ સદર:૮૦૦-અન્ય ખર્ચ, પેટા સદર: ૦૧-ઓબીસી-૧૬ સામાજિક ઉત્થાન માટે નાણાંકીય સહાય (મામેરૂં, સમૂહલગ્ન શિક્ષણ શીબીરો એવોર્ડ વગેરે) કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૦/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.

ન .વિજાક/જન/મામેરૂ/સા.શ.પ.વ/૨૦૨૧-૨૨/૪૩૨૨
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં .૪ /૩, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
ફોન નં .૨૩૨૫૩૨૪૫ થી ૫૩, ફેકસ નં ૨૩૨૫૩૨૪૬
E.MAIL: dire-dcw@gujarat.gov.in

તા૨૯/૬ /૨૦૨૧

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૧. તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) .....
૨. તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) .....
૩. શાખાધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર .....

સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર